# જુલાઈ

# ૨૦૧૮

## વિશેષ લેખ

હાયર એજ્યુકેશન કમિશન ઓફ ઈન્ડિયા

Most IMP
Current Affairs

www.crackgpsc.com

Crack GPSC

# જુલાઈ ૨૦૧૮


આટલું તો વાંચવું જ પડે...
માસ્ટર GK
એક બુક
બધી પરીક્ષાઓ
10000+
પ્રશ્નોનો સંગ્રહ
કોઇ પણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી
UPSC, GPSC, PI, PSI, ASI, નાયબ મામલતદાર, Dy. SO,
તલાટી, કોન્સ્ટેબલ, બિન-સચિવાલય કલર્ક, હાઈકોર્ટ કલર્ક,
TAT, TET, HTAT, SSC, BANK, LIC, Railway, MBA.
Crack GPSC easily with...
crackgpsc.com

# Most Imp Current Affairs – July 2018

- હિમાલયન ક્લીન અપ અભિયાન અંતર્ગત ત્રિપુરા 15 ઓગસ્ટ સુધી પ્લાસ્ટિક બેગ બંધ કરશે.
- WEP (Women Entrepreneurship Forum)ને પ્રમોટ કરવા નીતિ આયોગ દ્વારા સુશાંત સિંહ રાજપૂત બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- નાસાએ આકાશગંગાની બહાર પ્રથમ વાર વિશેષ પ્રકારના ન્યૂટ્રોન તારાની શોધ કરી.
- એપલ અને એમેઝોન બાદ માઈક્રોસોફ્ટ બની ત્રીજી સૌથી મૂલ્યવાન કંપની.
- લેફ્ટનન્ટ જનરલ રનબિરસિંહ નોર્થન આર્મીના નવા કમાન્ડર નિયુક્ત. તેઓ સર્જીકલ સ્ટ્રાઇકના DGMO (Director General of Military Operations) હતા.
- કોલ ઈન્ડિયા લિમિટેડ ઓરિસ્સામાં સુંદરગઢ જિલ્લામાં પોતાનો પ્રથમ થર્મલ પાવર પ્લાન્ટ સ્થાપશે.

  ક્ષમતા - 1600 મેગાવોટ. આમાં NTPCની 49% ભાગીદારી રહેશે.
- રોઝ રિંગ્ડ પેરાકીટ (રામા ચિલુકા) બન્યું આંધ્રપ્રદેશનું રાજકીય પક્ષી.
- હિમાચલ પ્રદેશે રેશનકાર્ડ ધારકો માટે ePDS નામની એપ લોન્ચ કરી.
- યુ.એસ.એ. પેસિફિક કમાન્ડ (PACOM) ને નવું નામ U.S. Indo-Pacific Command નામ આપ્યું.
- છતીસગઢના 8 સૌથી ખરાબ નક્સલ પ્રભાવિત જીલ્લાના વિકાસમાં મદદ માટે ટાટા ટ્રસ્ટે સરકાર સાથે સમજૂતી કરી.
- પશ્ચિમ એન્ટાર્કટીકના હીમ ક્ષેત્રની નીચે વૈજ્ઞાનિકોએ પર્વત શ્રુંખલાઓની શોધ કરી.
- ફીફાએ ગ્વાટેમાલા પરથી પ્રતિબંધ હટાવ્યો.
- ભારતે SFDR (Solid Fuel Ducted Ramjet) સરફેસ ટુ એર મિસાઇલનું સફળ પરીક્ષણ કર્યું.
- ભારત-સિંગાપુર વચ્ચે 14 સમજૂતી કરાર.
- PMGSY ગ્રામીણ સડક પરિયોજનાઓ માટે ભારત અને વિશ્વ બેંક વચ્ચે 500 મિલિયન ડોલર લોન માટે સમજૂતી.
- અમેરિકામાં ભારતીય મૂળના કાર્તિકે સ્પેલિંગ બી સ્પર્ધા જીતી.
- રાની રામપાલનું ભારતીય મહિલા હોકી ટીમની કેપ્ટન તરીકે પુનરાગમન.
- સબાંગ બંદરનો ઉપયોગ કરવા ભારતને ઇન્ડોનેશિયાની મંજૂરી.
- એન્ટી ટેંક ક્ષમતા વધારવા ઇઝરાયેલ પાસેથી સ્પાઈક મિસાઈલ ખરીદી પર પુન:વિચાર કરશે ભારત.

crackgpsc.com

- ડેન્માર્કમાં સાર્વજનિક સ્થળોએ બુરખો પહેરવા પર પ્રતિબંધ.
- IOC (Indian Oil Corporation) રાજ્યની માલિકીવાળી ભારતની સૌથી વધુ નફાકારક કંપની. ONGC બીજા નંબરે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લગાતાર ત્રીજા વર્ષે ભારતની સૌથી વધુ નફાકારક કંપની.
- વૈશ્વિક બાળપણ સૂચકાંક 2018માં ભારત 113મા સ્થાને. સિંગાપુર, સ્લોવેનિયા પ્રથમ ક્રમે. નાઇજીરીયા છેલ્લા ક્રમે.
- 2 જૂન: તેલંગણાનો ચોથો સ્થાપના દિવસ. આંધ્રપ્રદેશથી 29મા રાજ્ય તરીકે ગઠન.
- ફેસબુકે સાયબર પીસ ફાઉન્ડેશન (CPF)ના સહયોગથી ડિજિટલ સાક્ષરતા કાર્યક્રમ શરૂ કરવા નેશનલ કમિશન ફોર વુમન (NCW) સાથે કરાર કર્યા. પાયલટ રૂપે 60000 મહિલાઓ માટે આયોજન થશે.
- સિંગાપુર સાથે નર્સિંગમાં MRA (Mutual Recognition Agreement) પર હસ્તાક્ષર.
- લોહીમાંથી સ્ટેરોઈડ મળી આવતાં સંજીતા ચાનુ ડોપ ટેસ્ટમાં ફેલ.
- કેરળના કાર્ટુનિસ્ટ થોમસ એન્ટનીએ શ્રેષ્ઠ કાર્ટુનની શ્રેણીમાં આંતરરાષ્ટ્રીય પુરસ્કાર જીત્યો.
- 3 જૂન: પ્રથમ વિશ્વ સાઇકલ દિવસ મનાવાયો.
- NTPC એ 'સ્વચ્છ આઇકોનિક પ્લેસ' પરિયોજના અંતર્ગત હૈદરાબાદનો ચાર મિનાર દત્તક લીધો.
- ચંદીગઢમાં એડવાન્સ્ડ ફોરેન્સિક લેબની સ્થાપના. ભારતની આવી પ્રથમ લેબ.
- સંસ્કૃતિ મંત્રાલયે સેવા ભોજ યોજના શરૂ કરી. ઉદેશ્ય મફતમાં ભોજન આપતી સંસ્થાઓનો નાણાકીય બોજો ઓછો કરવો.
- ભારત, જાપાન, અમેરિકાની નૌસેના ગુઆમના તટ પર માલાબર 2018 અભ્યાસમાં ભાગ લેશે.
- ભારતની પ્રથમ સુપર ફાસ્ટ ટ્રેન ડેક્કન કિવન એક્સપ્રેસે 88 વર્ષ પૂર્ણ કર્યાં.
- વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ દક્ષિણ આફ્રિકા માટે રવાના.
- મહાત્મા ગાંધીની વિરાસત ફેલાવવા માટે નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કાર્યકારી સમિતિની સ્થાપના.
- વૈજ્ઞાનિકોએ 3D પ્રિન્ટેડ હ્યુમન કોર્નિયા બનાવ્યો. આંખના દાતાઓની તંગીના ઉપાય માટે ઉપયોગી.
- IAF પ્રમુખ બી. એસ. ધનોઆ રક્ષા સહયોગ માટે બ્રાઝિલની યાત્રા કરશે.
- ભારતે પરમાણુ સક્ષમ સ્વદેશી બેલેસ્ટીક મિસાઇલ અગ્નિ-5નું સફળ પરીક્ષણ કર્યું. DRDO દ્વારા વિકસિત આની ક્ષમતા 5000 કિ.મી. છે.
- ચીને અર્થ ઓબ્સર્વેશન સેટેલાઈટ લૂઓજિયા-1નું સફળ પ્રક્ષેપણ કર્યું. ખેતી અને ડિઝાસ્ટર માટે થશે ઉપયોગ.

crackgpsc.com

- ભારતીય નેવિ દ્વારા એડન અને અરબ સાગરની ખાડી વચ્ચે આફ્રિકા પાસે આવેલ સોકોંટ્રા ટાપુ પાસે ફસાયેલા 38 ભારતીયોને કાઢવા ઓપરેશન નિસ્તર શરૂ.
- સિંગાપુરમાં નેશનલ ઓર્કિડ ગાર્ડનમાં એક ઓર્કિડને ડેંડરોબિયમ નરેન્દ્ર મોદી નામ અપાયું.
- મોદીએ સિંગાપુરમાં SBI દ્વારા 3 ભારતીય ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ - રૂપે, ભીમ એપ અને UPI લોન્ચ કરી.




- સિંગાપુરના ડિપ્લોમેટ ટોમી કોહને વડાપ્રધાન મોદી દ્વારા પદ્મશ્રી પુરસ્કાર અર્પણ.
- જિએસેપે કોન્ટે ઈટાલીના નવા વડાપ્રધાન.
- સમાજવાદી નેતા પેડ્રો સંચેજ સ્પેનના નવા વડાપ્રધાન.
- અબ્દેલ ફ્ત્તાહ અલ સિસી ફરી મિસરના રાષ્ટ્રપતિ.
- કેંડ્રિક લેમરને `DAWN` આલ્બમ માટે પુલિત્ઝર પુરસ્કાર. આ પુરસ્કાર જીતનાર પ્રથમ નોન ક્લાસિકલ અથવા જાંઝ મ્યુઝિશિયન.
- ગુજરાતનાં પ્રથમ મહિલા એસટી બસ ડ્રાઈવર બન્યાં.
- દિવ્ય ભાસ્કરના કોલમનિસ્ટ અને જાણીતા હાસ્ય લેખક સ્વ. વિનોદ ભટ્ટને વજુ કોટક સુવર્ણ ચંદ્રક (મરણોત્તર) એનાયત.
- વડનગરમાંથી અમરથોળ પાસે 2 મીટર વ્યાસ ધરાવતું ગોળાકાર દિશાસૂચક સ્ટ્રક્ચર મળ્યું. દેશમાં પ્રથમ વાર અસામાન્ય ઈંટોથી બનેલું સ્થાપત્ય. અહીંથી મોટી સંખ્યામાં માનવ હાડપિંજર પણ મળી આવ્યાં છે.
- ભારત રશિયા પાસેથી કામોવ સૈન્ય હેલિકોપ્ટર ખરીદશે.

  **કામોવ:**

  - એક વારમાં 600 કિ.મી. સુધી ઊડવાની ક્ષમતા.
  - ઝડપ 250 કિ.મી./કલાક
  - પર્વતીય ક્ષેત્રોમાં ઉડાન, હુમલા માટેની ક્ષમતા.
  - 20000 ફૂટથી વધુ ઊંચાઈએ ઉડવા સક્ષમ.
  - 60 હેલિકોપ્ટર રશિયાથી મળશે.
  - 140નું નિર્માણ ભારતમાં બેંગલુરૂ પાસે તુમકુરમાં થશે.

- રશિયા ખાતે યોજનાર 21માં ફૂટબોલ વિશ્વ કપમાં એડિદાસ દ્વારા ડિઝાઇન કરેલ ટેલસ્ટાર 18 બોલનો ઉપયોગ થશે.
- આંધ્રપ્રદેશે પ્રાકૃતિક ખેતી માટે ZBNF (Zero Based Natural Farming) શરૂ કરી.
- ક્યુબા, અમેરિકા વચ્ચે સીધી પોસ્ટલ સર્વિસ માટે સહમતિ.
- 5 જૂન: વિશ્વ પર્યાવરણ દિવસ. 2018 નો વિષય `બીટ પ્લાસ્ટિક પોલ્યુશન` આ વર્ષનો વૈશ્વિક મેજબાન દેશ ભારત.

- ઇન્ફોસિસે અમેરિકન કંપની વોંગડૂડીનું અધિગ્રહણ કર્યું.
- મુંબઈના કૃષ્ણ પ્રકાશ અલ્ટ્રામેન બનનારા દેશના પ્રથમ IPS અધિકારી બન્યા.
- IRCTCએ ફૂડ ડિલિવરી માટે ટ્રોપીગો સાથે કરાર કર્યા.

crackgpsc.com

- ભારત–ઇન્ડોનેશિયા વચ્ચે રક્ષા, વૈજ્ઞાનિક અને ટેક્નોલૉજી સહયોગ, રેલવે, સ્વાસ્થ્યનાં ક્ષેત્રોમાં 15 MOU પર હસ્તાક્ષર.
- પ્લાસ્ટિક પ્રદૂષણથી લડવા તાજ ઘોષણા અપનાવાઇ. 17મી સદીના સ્મારકને કચરાથી મુક્ત કરવા તેની આસપાસના 500 મીટરના ક્ષેત્રને સાફ કરાશે.
- ગુજરાત સરકારે ગંભીર રીતે બિમાર બાળકોને સારી હોસ્પિટલ્સમાં શિફ્ટ કરવા નવજાત એમ્બ્યુલન્સ સેવા પરિયોજના શરૂ કરી. આ માટે 10 એમ્બ્યુલન્સ મુકવામાં આવશે.
- આઇડિયા વોડાફોનના મર્જર બાદ નવી કંપની વોડાફોન આઇડિયા લિ. બનશે.
- 5થી 11 જૂન સુધી પ્લાસ્ટિક પ્રદૂષણ પર અંકુશ થીમ સાથે પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન.
- ગુજરાતમાં 8 મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, 100 મુખ્ય ગામોમાં પ્લાસ્ટિક શ્રેડિંગ મશીનથી નિકાલ. ખાતર બનાવવાનું પ્રેઝન્ટેશન બતાવાશે.
- અમદાવાદ પોલીસ થેલેસેમિયાથી પીડાતા 100 બાળકોને દત્તક લેશે.
- આંધ્રપ્રદેશ સરકાર દ્વારા બેરોજગાર ગ્રેજ્યુએટ યુવાનોને રૂ.1000 માસિક ભથ્થુ આપવાની જાહેરાત.
- ગુજરાતમાં પેટ-પ્લાસ્ટિક બોટલોના નિકાલ માટે 25000 ક્રશર મશીનો મુકાશે. મશીનમાં બોટલ નાખનારને તરત 1 રૂપિયો મળશે.
- ગુજરાતમાં 1 જુલાઈથી 5થી વધુ વાર એક જ તેલમાં ફરસાણ તળવા પર પ્રતિબંધ. 25% TPC (ટોટલ પોલરાઇઝેશન કમ્પાઉન્ડ)થી વધુ તેલ વપરાતું હોવાનું પૂરવાર થશે તો ફોજદારી કાર્યવાહી.
- ગવર્નર્સ અને લેફ્ટનન્ટ ગવર્નર્સના 49મા સંમેલનનું રાષ્ટ્રપતિ ભવનમાં આયોજન. પ્રથમ સંમેલન 1949માં ગવર્નર જનરલ સી. રાજગોપાલચારીના અધ્યક્ષ સ્થાને યોજાયું હતું.
- તેલંગણા અને LIC વચ્ચે ખેડૂતોને 5 લાખના જીવન વીમા માટે MOU.
- 2015માં ભારતનું ફોરેસ્ટ આવરણ 2009થી 1.29% વધીને 21.34% થયું. રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં 89% સાથે મિઝોરમમાં સૌથી વધુ વન આવરણ. 35% સાથે અસમનું વન આવરણ સૌથી ઓછું.
- 1 જૂનથી 31 જુલાઇ સુધી કૃષિ કલ્યાણ અભિયાન (KKA) લોન્ચ. કૃષિ ટેક્નોલૉજીમાં સુધારા, આવકમાં વધારા માટે સહાય અને સલાહ આપશે.
- ઉત્તરપ્રદેશના બાગપત પાસે સનૌલી ગામમાં કોપર–કાંસ્ય કાળના રથોના અવશેષ મળ્યા.
- ઈ-વેસ્ટના ઉત્પાદનમાં ભારત શીર્ષ 5 દેશમાં. દેશમાં મહારાષ્ટ્ર સૌથી વધુ ઇ-વેસ્ટ ઉત્પાદન કરે છે.
- IDBI બેંકના MD અને CEO મહેશ કુમાર જૈન RBI ના ડેપ્યુટી ગવર્નર નિયુક્ત.
- ગુજરાત ગ્રીન કવરમાં 28મા ક્રમે.

- 'ભારતના વડાપ્રધાન' પર દિલ્લીમાં એક યુનિક મ્યુઝિયમ બનાવવા 3 પ્રમુખ પેનલ બનાવવામાં આવી.
- ઇ.સ. 1991થી 2001 સુધી ભારતમાં NOxનું ઉત્સર્જન 52% જ્યારે 2001થી 2011 સુધી 69% વધ્યું.
- વિરાટ કોહલી હાઈએસ્ટ પેઇડ એથલિટ્સની ફોર્બ્સની યાદીમાં 83મા સ્થાને. મેવેદર પ્રથમ ક્રમે.
- ચીનમાં વિશ્વનું પ્રથમ EPR (European Pressurised Reactor) શરૂ.
- ગંગા પ્રહરી નામના 427 સ્વયંસેવકો ગંગા માટે લોકોને શિક્ષિત કરશે.
- 31 જૂલાઈથી ઉત્તરાખંડમાં પોલિથિન પર પ્રતિબંધ.
- ગ્વાટેમાલાનો ફ્યુગો જવાળામુખી ફાટતાં મોટી જાનહાનિ.
- 2017માં ભારતમાં 539 પ્રજાતિઓની શોધ. તેમાં જીવોની 300, વનસ્પતિઓની 239.
- સાઉદી અરબે કેરળ પર આયાત પર પ્રતિબંધ લગાવ્યો.
- સુપ્રીમ કોર્ટે SC, ST માટે બઢતીમાં અનામત આપવાની છૂટ આપી.
- સરકારે જન ઔષધિ સુવિધા -ઓક્સો-બાયોડિગ્રેડેબલ સેનેટરી નેપકિન લોન્ચ કર્યો.
- વ્યવસાય કરવાનું સરળ બનાવવા પંજાબ સરકારે બિઝનેસ ફર્સ્ટ પોર્ટલ શરૂ કર્યું.
- હરિયાણા સરકારે સરકારી કચેરીઓમાં સિંગલ યુઝ વોટર બોટલના ઉપયોગ પર પ્રતિબંધ લગાવ્યો.
- IISC, બેંગલુરુના વૈજ્ઞાનિકોએ અંગોના પરિવહન માટે લાઈફબોક્સ બનાવ્યું.
- મેક્સિકોના કિનારે એલેટા ચક્રવાત.
- 8 જૂન: વિશ્વ મહાસાગર દિવસ. આ દિવસ મનાવવાની શરૂઆત 1992માં થઇ હતી.
- ચૂંટણી પંચે RTI અંતર્ગત માહિતી મેળવવા RTI પોર્ટલ શરૂ કર્યું.
- RBI એ રેપો રેટ 0.25% વધારીને 6.25% કર્યો.
- સતત વિકાસ પર ભારત અને ડેન્માર્ક વચ્ચે MoU.
- ભારત અને નૉર્વે વચ્ચે સ્વાસ્થ્ય ક્ષેત્રે સહયોગ માટે સમજૂતી.
- સરકાર દ્વારા 10000 કરોડ રૂપિયાનું 'ફંડ ઓફ ફંડ' સ્ટાર્ટ અપને ફંડિંગ સુનિશ્ચિત કરશે.
- વિશ્વ બેંકે 6000 કરોડ રૂપિયાની અટલ ભૂજલ યોજના (ABHY)ને મંજૂરી આપી. આ યોજના 2018-19થી 2022-23 સુધી 5 વર્ષના ગાળામાં લાગુ કરવામાં આવશે.

  **ઉદ્દેશ્ય** : સામુદાયિક ભાગીદારીના માધ્યમથી દેશનાં પ્રાથમિક ક્ષેત્રોમાં ગ્રાઉન્ડ વોટર મેનેજમેન્ટમાં સુધારો કરવાનો છે.
- કોલસાની અછતને લીધે L&Tની નભા પાવર લિ. (NPL)એ રાજપુરા થર્મલ પાવર સ્ટેશનનો 700 મેગાવોટનો એકમ બંધ કર્યો.
- લોન ડિફોલ્ટર્સને ચેક કરવા RBI PCR (Public Credit Registry) સ્થાપશે.

crackgpsc.com

- RBI એ UCB (Urban Co-operative Banks)ને SFB (Small Finance Banks)માં બદલવાની મંજૂરી આપવાનો નિર્ણય કર્યો.
- વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે દક્ષિણ આફ્રિકાના પિટમૈરિટ્ઝબર્ગ રેલવે સ્ટેશન પર ગાંધીજીની બે ચહેરાવાળી પ્રતિમાનું અનાવરણ કર્યું. આ પ્રતિમા સામેથી ગાંધીજીના યુવાન રૂપને તથા પાછળથી બુદ્ધ સ્વરૂપને દર્શાવે છે. આ એ જ સ્ટેશન છે જ્યાંથી ગાંધીજીને 1893માં 'વ્હાઇટ ઓન્લી' ટ્રેનના ડબ્બામાંથી બહાર ફેંકી દીધા હતા.
- ગિફૂ, જાપાનમાં એશિયન જુનિયર એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં આશિષ જાખડે હથોડા ફેંકમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.
- ગ્લોબલ પીસ ઇન્ડેક્સ 2018માં ભારત 137મા સ્થાને. આઈસલેન્ડ પ્રથમ, સિરીયા છેલ્લા ક્રમે.
- ભારતનો માતા મૃત્યુ દર 130 પર.
- ક્વીન અનાનસ ત્રિપુરાનું રાજકીય ફળ ઘોષિત.
- પશ્ચિમ બંગાળના રાજ્યપાલ કેસરીનાથ ત્રિપાઠીને ત્રિપુરાના રાજ્યપાલનો વધારાનો હવાલો.
- મિતાલી રાજ બની T20માં 2000 રન બનાવનાર પ્રથમ ભારતીય મહિલા ક્રિકેટર. T20માં 2000 રન કરનાર પ્રથમ મહિલા ક્રિકેટર શિર્લોટ એડવર્ડ્સ.
- 18મા SCO સંમેલનમાં ભાગ લેવા વડાપ્રધાન મોદી ચીન રવાના.
- SCOના સભ્યો સંયુક્ત સૈન્ય અભ્યાસ શાંતિ મિશન 2018માં ભાગ લેશે. રશિયાના ઉરલ ક્ષેત્રમાં આયોજીત.
- ગૂગલે રેલટેલના સહયોગથી 400 રેલવે સ્ટેશનો પર મફત વાઇફાઈ સેવા શરૂ કરી. આસામમાં દિબ્રુગઢ રેલવે સ્ટેશન ઇન્ટરનેટથી જોડાનાર 400મું સ્ટેશન બન્યું.
- સૌર સ્ટ્રીટ લાઇટ માટે કેન્દ્રીય મંત્રીમંડળે 637 કરોડ રૂપિયાની યોજનાને મજૂરી આપી. સમગ્ર દેશમાં વિશેષ રૂપે પૂર્વોત્તર રાજ્યો અને માઓવાદી પ્રભાવિત જિલ્લાઓમાં 3 લાખ સૌર સ્ટ્રીટ લાઇટ સ્થાપવામાં આવશે. આમાં બધા વિદ્યાર્થીઓને 25 લાખ સૌર અધ્યયન લેમ્પ આપવાનું પણ સામેલ છે.
- એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની સ્થાપવા PNBના નોન એક્ઝિક્યુટિવ ચેરમેન સુનીલ મહેતાના અધ્યક્ષ સ્થાને એક સમિતિ રચાશે.
- બ્રાઝિલના મહાન ટેનિસ ખેલાડી મારિયા બ્યુનોનું નિધન.
- લાલ બહાદુર શાસ્ત્રી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, વારાણસી સ્માર્ટ ફેસિયલ રેકગ્નિશન સિસ્ટમ ધરાવતું ભારતનું પ્રથમ એરપોર્ટ બન્યું.
- વડોદરામાં એક લેન્ડફિલ સાઇટને ટ્રી મ્યુઝિયમમાં પરિવર્તિત કરવામાં આવી. અહીં નગરપાલિકાએ 50000 વર્ગ મીટર જમીનમાં 100 જાતોનાં 12000થી વધુ વૃક્ષો લગાવ્યા.
- ભારતની પ્રથમ સ્વદેશી, લોંગ રેન્જ આર્ટિલરી ગન ધનુષનું અંતિમ પરીક્ષણ સફળ.

crackgpsc.com

- PRL (ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી), અમદાવાદના વૈજ્ઞાનિકોએ પૃથ્વીથી 600 પ્રકાશવર્ષ દૂર EPIC ગ્રહની શોધ કરી. આ ગ્રહનું દ્રવ્યમાન પૃથ્વીથી 27 ગણું, ત્રિજ્યા 6 ગણી છે. પરંતુ તારાથી નજીક હોવાથી જીવનની સંભાવના મુશ્કેલ છે.
- માલદીવને હરાવીને ઇન્ડોનેશિયા 2 વર્ષની અવધિ માટે UNSC (United Nations Security Council)નું નોન પાર્લામેન્ટ મેમ્બર બન્યું.
- કિંગદાઓ ઘોષણા અપનાવવા સાથે SCO શિખર સંમેલન સમાપ્ત. આ ઘોષણા આતંકવાદ, અલગાવવાદ, અતિવાદ સામે લડવા 3 વર્ષની યોજના લાગુ કરવા માટે કરવામાં આવી છે.
- વડાપ્રધાન મોદી અને ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિ શાવત મિર્જિયોયવે મુલાકાત કરી.
- વૈષ્ણોદેવીના તીર્થયાત્રીઓના જીવ બચાવવા બદલ CRPF કોન્સ્ટેબલ હરવિંદર સિંહ મરણોપરાંત PM પોલીસ મેડલથી સન્માનિત.
- જુનિયર એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં અનુકુમારે પુરુષોની 800 મીટર દોડમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.
- આયુષમાન ભારત 8 રાજ્યોમાં અમલમાં મૂકાશે.
- ન્યૂઝીલેન્ડની મહિલા ક્રિકેટ ટીમે 4 વિકેટે 490 રન બનાવીને વન ડે ક્રિકેટમાં સૌથી વધુ રનનો રેકોર્ડ બનાવ્યો. પુરુષોની ક્રિકેટમાં ODIમાં સૌથી વધુ 3 વિકેટ પર 444 રન ઇંગ્લેન્ડે પાકિસ્તાન વિરુદ્ધ બનાવેલ છે.
- ક્યુરિઓસિટી રોવરે મંગળની સપાટી પર કાર્બનિક કમ્પાઉંડ્સ, મિથેન હોવાનું સુનિશ્ચિત કર્યું.
- SBIની NPA 1 લાખ કરોડ રૂપિયાને વટાવી ગઈ.
- સિમોના હૈલેપે ફ્રેન્ચ ઓપન જીતી.
- અમેરિકામાં વિદ્યાર્થીઓ મોકલવામાં ચીન બાદ ભારત બીજા નંબરે.
- UPSCના સભ્ય અરવિંદ સક્સેના UPSCના એક્ટિંગ ચેરમેન નિયુક્ત.
- સેબેસ્ટીયન વેટ્ટલે પોતાની કારકિર્દીની 50મી જીત નોંધાવી.
- 11મું વિશ્વ હિન્દી સંમેલન ઓગસ્ટ મહિનામાં મોરેશિયસમાં યોજાશે.
- ભારતે કેન્યાને હરાવીને ઇન્ટરકોંટિનેન્ટલ ફૂટબોલ કપ-2018 જીત્યો.
- લૂટિયન્સ દિલ્હીમાં ભારતનું પ્રથમ પોલીસ મ્યુઝિયમ બનશે. 21 ઓક્ટોબર, પોલીસ સ્મારક દિવસના રોજ ઉદઘાટન થશે.
- સિમરન સિંગી અને રિતિકા ઠાકરેની જોડીએ મોરેશિયસ ઓપન જીતી.
- પૂર્વ NIA પ્રમુખ શરદ કુમાર વિજિલન્સ કમિશનર નિયુક્ત.
- નેશનલ ડિઝાસ્ટર રિસ્ક ઇન્ડેક્સ: મોસ્ટ વનરેબલ સ્ટેટ (1) પશ્ચિમ બંગાળ (2) ઉત્તરપ્રદેશ (3) મહારાષ્ટ્ર.
- રાફેલ નડાલે 14 વર્ષમાં 11મો ફ્રેન્ચ ઓપન ખિતાબ જીત્યો.

- 12 જૂન: બાળ શ્રમ વિરુદ્ધ વિશ્વ દિવસ. 2018નો વિષય જનરેશન સેફ એન્ડ હેલ્થી.
- યુરોપીયન સંઘે જૉર્ડનને 20 મિલિયન યુરોની મદદની ઘોષણા કરી.
- IMD (India Meteorological Department) પૂરની આગાહી માટે દેશમાં પ્રથમ વખત ફ્લેશ ફ્લડ ગાઈડન્સ સિસ્ટમનો ઉપયોગ કરશે.
- 12 જૂન: 90મો બારડોલી દિવસ. બારડોલી સત્યાગ્રહ વિજય દિન.
- દિલ્લી વિધાનસભાએ પૂર્ણ રાજ્યનો દરજ્જો સ્વીકાર્યો.
- પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના (PMMVY)થી 23.6 લાખ લાભાર્થીઓને લાભ મળ્યો. આ યોજના અંતર્ગત ગર્ભવતી મહિલાઓ તથા સ્તનપાન કરાવતી માતાઓને તેમના પહેલા બાળકના જન્મ પર 6000 રૂ. આપવામાં આવે છે.
- રાષ્ટ્રપતિ ગ્રીસ, સુરીનામ અને ક્યુબાની યાત્રાએ.
- પ્રથમ બિમ્સ્ટેક વોર ગેમ્સની મેજબાની કરશે ભારત. જે પૂણેમાં યોજશે.
- ચીનના હેઇલોંગ જિયાંગ પ્રાંતમાં હેહે શહેરમાં લેસર ખિંગાન પર્વતમાં 12000 વર્ષ જૂની રોક પેઈન્ટિંગ મળી.
- ભારતીય રેલવેએ યાત્રીઓ માટે રેલ મદદ એપ લોન્ચ કરી.
- ભારત-નેપાળ વચ્ચે સંયુક્ત સૈન્ય અભ્યાસ સૂર્ય કિરણ 13 પિથોરાગઢમાં પૂર્ણ.
- પરમાણુ નિશસ્ત્રીકરણ પર ટ્રમ્પ અને કીમે હસ્તાક્ષર કર્યા.
- રિટેલ ફુગાવો 4 મહિનાની ઉચ્ચતમ સપાટી 4.87% પર પહોંચ્યો.
- 14 જૂન: વિશ્વ રક્ત દાતા દિવસ. આ વર્ષનું પ્રચાર વાક્ય 'Be There For Someone Else, Give Blood Share Life'.
- દિલ્લીમાં વાયુ ગુણવત્તા સીવીયર સ્તરને વટાવી ગઈ.
- સ્મૃતિ ઈરાનીની જગ્યાએ પ્રકાશ જાવેડકર નીતિ આયોગના નવા વિશેષ આમંત્રિત સભ્ય.
- રાઉરકેલા સ્ટીલ પ્લાન્ટ (RSP)નો પુનર્નિર્મિત બ્લાસ્ટ ફર્નેસ-1 `પાર્વતી` રાષ્ટ્રને સમર્પિત.
- IMD સમુદ્ર કિનારે અને મોટાં શહેરોમાં 27 ડોપ્લર રડાર લગાવશે. જે છ કલાક પહેલાં ગંભીર હવામાનની જાણકારી આપશે.
- PMAYમાં વ્યાજ સબસિડી માટે કાર્પેટ એરિયામાં 33%નો વધારો.
- ગાવિત મુરલી કુમારે ગૌડેન સ્પાઈડની રેસમાં 10,000 મીટરની દોડમાં સુવર્ણ ચંદ્રક જીત્યો. આવું કરનાર તેઓ બીજા સૌથી ઝડપી ભારતીય બન્યા.
- સુલભ ઇન્ટરનેશનલના સ્થાપક બિંદેશ્વર પાઠક જાપાનના નિકેઈ એશિયા પુરસ્કારથી સન્માનિત.
- રશિયાના સૌથી મોટા લુઝનિકી સ્ટેડિયમમાં 21મા ફિફા વર્લ્ડ કપનો પ્રારંભ.
- સાઉદી અરેબિયાની ટીમ ફૂટબોલ વર્લ્ડ કપની ઓપનીંગ મેચમાં રમનાર એશિયાની પ્રથમ ટીમ.

crackgpsc.com

- ફિફા વર્લ્ડ કપમાં પ્રથમ વાર વિડીયો સહાયક રેફરીની મદદ લેવાશે.
- ફિફા વર્લ્ડ કપ 2018 માટે મેસ્કોટ વરુ છે. જેને ઝાબિવકા નામ અપાયું છે. મેસ્કોટની શરૂઆત 1966માં ઇંગ્લેન્ડથી થઈ હતી.
- KVIC (Khadi And Village Industries Commission)એ એક દિવસમાં સૌથી વધુ હની બી બોક્સ વિતરણનો વિશ્વ રેકોર્ડ બનાવ્યો. કાશ્મીરમાં કુપવાડામાં જાંગલી આર્મી એરિયામાં આ બોક્સ વિતરિત કરાયાં.
- કેન્દ્રીય મંત્રીમંડળે NEC (North Eastern Council)ના પુનઃસ્થાપનની મંજૂરી આપી. કાર્યકારી અધ્યક્ષ રૂપે કેન્દ્રીય ગૃહ મંત્રી. બધાં 8 ઉત્તર પૂર્વીય રાજયોના રાજપાલ અને મુખ્યમંત્રી સભ્ય.
- વૈજ્ઞાનિકોએ સૌર મંડળની બહાર 100થી વધુ વિશાળ ગ્રહોની ઓળખાણ કરી.
- હરિયાણા સરકારે સરકારી સેવામાં પ્રવેશની વય મર્યાદા 40થી વધારીને 42 કરી.
- ટેક્સ ગોટાળામાં ફૂટબોલ સ્ટાર ખેલાડી ક્રિસ્ટીયાનો રોનાલ્ડોને 148 કરોડ રૂપિયાનો દંડ તથા 2 વર્ષની સજા.
- ગૃહ મંત્રાલયે જમ્મુ–કાશ્મીર પોલીસમાં બે મહિલા બટાલિયન વધારવાની મંજૂરી આપી.
- સોફ્ટ બેંક ગૃપ કોર્પોરેશન ભારતમાં સૌર પરિયોજનાઓમાં 60થી 100 બિલિયન ડોલરનું રોકાણ કરશે.
- ફિચ રેટિંગે ભારતના વિકાસ દરના અનુમાનને 7.3%થી વધારીને 7.4% કર્યું.
- તમિલનાડુ ઈ-સિગારેટ પર પ્રતિબંધ મૂકશે.
- જથ્થાબંધ ફુગાવો ચૌદ મહિનાના ઉચ્ચતમ સ્તરે 4.43% પર.
- યુરોપીયન સંઘ ફિલ્મ મહોત્સવ દિલ્હીમાં યોજાશે.
- અમેરિકા દ્વારા ચીની આયાતી વસ્તુઓ પર 25% ડ્યુટી લગાવાઈ.
- જોર્જિયાના PM જિયોર્ગી કિવી-રિકાશ્વિલીનું રાજીનામું.
- કન્ઝ્યુમર ફાઇનાન્સિયલ સર્વિસેસ કેટેગરીમાં HDFC વિશ્વની 5મી સૌથી મોટી પબ્લિક કંપની. અમેરિકન એક્સપ્રેસ પ્રથમ ક્રમે.
- ગુજરાત 100% પાઈપ્ડ ગેસ નેટવર્ક ધરાવતું પ્રથમ રાજ્ય બનશે.
- દેશના પ્રથમ ઇન્ટીગ્રેટેડ કમાન્ડ સેન્ટરનો રાયપુરમાં પ્રારંભ.
- આંધ્રપ્રદેશ ઓટો ડિસેબલ સિરીંજ વાપરનાર પ્રથમ રાજ્ય બન્યું.
- ભારતીય મૂળનાં દિવ્યા સૂર્યદેવરા USAની સૌથી મોટી કાર નિર્માતા કંપની જનરલ મોટર્સનાં પ્રથમ મહિલા CFO નિયુક્ત.
- બીજલ પટેલ અમદાવાદનાં નવાં મેયર. દિનેશ મકવાણા ડેપ્યુટી મેયર.
- ઇન્દ્રજીતસિંહ કોલસા મંત્રાલયના સચિવ બન્યા.
- રાજસ્થાનના રાજ્યપાલ કલ્યાણસિંહ 'ગાર્ડ ઓફ ઓનર' સમાપ્ત કરનાર પ્રથમ વ્યક્તિ બન્યા.

- બેંગલુરુમાં બેલંદૂર લેક શહેરનું સૌથી મોટું સેપ્ટિક ટેંક બન્યું.
- ત્રિપુરા સરકારે GPS અને વાયરલેસ આધારિત 24X7 મોબાઇલ પોલીસ સર્વિસ શરૂ કરી. વિશેષ રૂપે મહિલાઓ વિરુદ્ધ અપરાધ રોકવામાં મદદ કરશે.
- વ્હોટ્સએપે UPI આધારિત પેમેન્ટ સર્વિસ શરૂ કરી. એક વ્યવહારમાં 5,000 રૂપિયા મોકલવા સક્ષમ.
- નાસાની અવકાશયાત્રી પેગી વ્હીટસ તેની છેલ્લી અને સૌથી લાંબી અવકાશ યાત્રાથી પરત ફર્યા બાદ નિવૃત.
- TCS 7 ટ્રિલિયન રૂ.થી વધુના માર્કેટ વેલ્યુએશન સાથે ટ્રેડીંગ સેશન બંધ કરનાર પ્રથમ કંપની બની.
- નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની ચોથી બેઠક PM મોદીના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રપતિ ભવન, નવી દિલ્લીમાં યોજાઇ.
- મુથુટ ફિનકોર્પે આગામી 3 વર્ષમાં 10000 યુવાનોને તાલીમ આપવા નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન સાથે ભાગીદારી કરી.
- વિશ્વ બેંકના પૂર્વ અર્થશાસ્ત્રી ઉમર અલ રજ્જાજ જોર્ડનના વડાપ્રધાન બન્યા.
- વડોદરામાં પેટ્રોલ પંપનું સંચાલન સેન્ટ્રલ જેલના કેદીઓ કરશે.
- વડોદરા રેલવે ડિવિઝનની નેરોગેજ લાઇનને હેરીટેજ તરીકે વિકસાવાશે.
- એસ. સુંદરી નંદાની કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીનાં પ્રથમ મહિલા ડીજીપી નિયુક્ત.
- અંતરિક્ષ અને રક્ષા આવશ્યકતાઓ પૂર્ણ કરવા રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ભારતનું પ્રથમ કાર્બન ફાયબર મેન્યુફેક્ચરિંગ યુનિટ સ્થાપશે.
- કચ્છના માધાપર ખાતે સૌથી મોટું વન બનશે.
- જમ્મુ-કાશ્મીરમાં આંતકીઓ વિરુદ્ધ ઓપરેશન ઓલઆઉટ ફરી શરૂ.
- સમુદ્રોમાં કચરા માટે 10 નદીઓ જવાબદાર. ચીનની યાંગત્સે નદી પ્રથમ, ગંગા બીજા નંબરે. આ 10 નદીઓમાં સૌથી વધુ 5 ચીનની, 2 ભારતની. સમુદ્રોમાં ભળતો 90% કચરો આ 10 નદીઓમાંથી.
- સ્ટુડન્ટ વિઝા માટે યુકેની 'લો રિસ્ક'વાળા દેશોની નવી સૂચિમાંથી ભારત બહાર.
- શ્રી શ્રી રવિશંકરે નેધરલેન્ડમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસનું ઉદ્દઘાટન કર્યું.
- વડનગરમાં ઉત્ખનન દરમિયાન મળી આવેલ પ્રાચીન અવશેષો, મૂર્તિઓ, સિક્કાઓની માહિતી આપતું ઓપન મ્યુઝિયમ બનશે. આ મ્યુઝિયમ પીઠોરી પાસે ખોદકામ દરમિયાન મળેલ બૌદ્ધ મઠ આધારિત હશે.

crackgpsc.com

- ગુજરાતના 12 જીલ્લામાં નવી આયુર્વેદ હોસ્પિટલ બનાવાશે. 10 કરોડ રૂ.ના બજેટની ફાળવણી. સુરેન્દ્રનગરમાં સૌપ્રથમ મોડલ આયુષ આયુર્વેદિક હૉસ્પિટલ સ્થપાશે. રાજ્યમાં હાલ 36 સરકારી આયુર્વેદિક હોસ્પિટલ છે.
- નીતિ આયોગ દ્વારા જારી પ્રથમ સર્વગ્રાહી વોટર મેનેજમેન્ટ ઇન્ડેક્ષ: ગુજરાત પ્રથમ ક્રમે. ઝારખંડ છેલ્લા ક્રમે.
- મેસેડોનિયા દેશનું નવું નામ ઉત્તર મેસેડોનિયા ગણરાજ્ય થશે. કરાશે જનમત સંગ્રહ.
- સ્વીડનના કેપ્ટન આન્દ્રેસ ગ્રેનકિવસ્ટે ફીફા વર્લ્ડ કપ 2018નો પ્રથમ ગોલ કર્યો.
- સુષ્મા સ્વરાજ 4 યુરોપીય દેશો ઈટાલી, ફ્રાન્સ, લક્ઝમબર્ગ, બેલ્જિયમની યાત્રાએ.
- યોગી વેમ્મના વિશ્વવિદ્યાલયના ડો. રઘુએ કંધનથીમાં આંધ્રપ્રદેશની સૌથી મોટી પેટ્રોગ્લિફ સાઇટ શોધી.
- જૂન 2018 સુધી 121.4 કરોડ આધાર કાર્ડ જારી.
- 7મો OPEC ઈન્ટરનેશનલ સેમિનાર ઓસ્ટ્રિયાના વિયેનામાં યોજાયો.
- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે એથેન્સ (ગ્રીસ)માં 'અજ્ઞાત સૈનિકના સ્મારક'ની વિઝિટ કરી. આ કબ્રસ્તાનને 74 ભારતીય સૈનિકોને શ્રદ્ધાંજલિ અર્પવા બનાવાયું છે જેઓ ગ્રીસમાં બીજા વિશ્વ યુદ્ધ સમયે શહીદ થયા હતા.
- 15મી વાર્ષિક એશિયા અને ઓશિનિયા ક્ષેત્ર ડોપિંગ વિરોધી અંતર સરકારી બેઠક કોલંબો (શ્રીલંકા)માં યોજાઇ.
- CIET, નવી દિલ્હીમાં NCERT માં 3 દિવસીય રાષ્ટ્રીય યોગ ઓલિમ્પિયાડ -2018નું ઉદ્દઘાટન.
- વિશ્વ બેંકે બાંગ્લાદેશની 'બધા માટે શિક્ષા'ની પરિકલ્પનાને સહાય કરવા પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે સુધારો કરવા 700 મિલિયન ડોલરની મંજૂરી આપી.
- પૂરના પૂર્વ અનુમાન માટે Central Water Commission અને ગુગલ વચ્ચે સમજૂતી.
- ઓસ્ટ્રેલિયન સંસદમાં પ્રથમ વાર યોગ સત્રનું આયોજન કરવામાં આવ્યું.
- ભારત-નેપાળમાં 4 નવા એર ગેટવેઝ ખોલશે.
- ઇવાન ડુક કોલંબિયાના નવા રાષ્ટ્રપતિ.
- બ્રુક્સ કોએપ્કાએ યુએસ ઓપન 2018 ખિતાબ જીત્યો.
- રોજર ફેડરરે મર્સિડીઝ કપ 2018 જીત્યો.
- વન ડે રેન્કિંગમાં ઈંગ્લેન્ડ પ્રથમ ક્રમે. ભારત બીજા ક્રમે.
- ફોર્બ્સની સૂચિ મુજબ એમેઝોનના CEO જેફ બેજોસ વિશ્વના સૌથી અમીર વ્યક્તિ. માઈક્રોસોફ્ટના બિલ ગેટસ બીજા નંબરે. એમેઝોન એપલ બાદ વિશ્વની બીજી સૌથી મૂલ્યવાન કંપની.

- 20 જૂન: વિશ્વ શરણાર્થી દિવસ. 4 ડિસેમ્બર 2000ના UN મહાસભાએ આ દિવસ મનાવવાનો નિર્ણય કર્યો હતો. વિશ્વમાં સૌથી વધુ શરણાર્થીઓ મ્યાનમાર અને સિરીયામાં. ભારતમાં 3 લાખ શરણાર્થીઓ. વિશ્વમાં દર 2 સેકન્ડે 1 વ્યક્તિ બને છે શરણાર્થી.
- પુડુચેરીના મુખ્યમંત્રી વી. નારાયણ સામીએ પણ પૂર્ણ રાજ્યના દરજ્જાની માંગ કરી.
- સંદીપ બક્ષી ICICIના નવા CEO. ચંદા કોચર રજા પર.
- ICICI Prudentialના MD તરીકે એન. એસ. કન્નનની નિમણૂક.
- ભાજપે PDP સાથે છેડો ફાડતાં જમ્મુ કશ્મીરનાં CM મહેબુબા મુફ્તીનું રાજીનામું.
- નિતિન ગડકરીએ તજાકિસ્તાનના દુશાન્બેમાં જળ સંમેલનમાં ભાગ લીધો.
- ભારત-ઈટાલી આતંકવાદ, સાઇબર સુરક્ષા અંગે સહયોગ વધારવા સહમત.
- માર્કેટિંગ ફર્મ્સના રિવ્યુ માટે IRDAI દ્વારા સુરેશ માથુર (એક્ઝિક્યુટિવ ડિરેક્ટર IRDAI)ની અધ્યક્ષતામાં સમિતિનું ગઠન.
- નીતિ આયોગના રિપોર્ટ અનુસાર દિલ્હી, બેંગલુરુ સહિત 21 મુખ્ય ભારતીય શહેરોમાં 2020 સુધી ભૂજળ સમાપ્ત થઈ જશે. 100 મિલિયન લોકોને પ્રભાવિત કરશે. 2030 સુધી 40% વસ્તી પાસે પીવાનું પાણી નહિ હોય. આ સંકટના કારણે 2050 સુધી ભારત 6% GDP ગુમાવશે.
- ઓસ્ટ્રેલિયા સામે 50 ઓવરમાં 6 વિકેટે 481 રન કરી ઇંગ્લેન્ડે વનડે ક્રિકેટનો સૌથી મોટા સ્કોરનો પોતાનો જ વર્લ્ડ રેકોર્ડ તોડ્યો. આ પહેલાં પાકિસ્તાન સામે 444 રનનો રેકોર્ડ હતો.
- શિખર ધવન પોતાની 7મી સદી ફટકારી લંચ પહેલાં સદી ફટકારનાર ભારતનો પ્રથમ, વિશ્વનો છઠ્ઠો બેટ્સમેન બન્યો.
- 21 જૂન: ચોથો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ. 2018ની થીમ 'શાંતિ માટે યોગ'.
- જમ્મુ કાશ્મીરમાં 8મી વાર રાજ્યપાલ શાસન લાગુ. રાજ્યપાલ એન. એન. વોહરા.
- તમિલનાડુની અનુકૃતિ વાસ મિસ ઈન્ડિયા 2018 બની.
- ગ્લોબલ થિંક ટેંક SIPRIના રિપોર્ટ મુજબ પાકિસ્તાન પાસે ભારત કરતાં વધુ પરમાણુ હથિયાર.
- સુમાત્રા (ઇન્ડોનેશિયા)ના ટોબા સરોવરમાં 140 યાત્રીઓ સાથેની બોટ ડૂબી, 100ને બચાવાયા અન્ય લાપતા.
- ગુગલ ફેક ન્યુઝથી બચવા 8000 પત્રકારોને ટ્રેનિંગ આપશે.
- ભારતીય મિમિક્રીના જનક નેરેલા વેણુ માધવનું નિધન.
- 22 દેશોના લગભગ 60 યોગ પ્રતિનિધિઓએ કેરળના ઇડુક્કી જિલ્લામાં યોગ એમ્બેસેડર ટુરમાં ભાગ લીધો.
- રશિયાએ નવા GLONASS અંતરિક્ષ યાનનું પરીક્ષણ કર્યું.
- ભારતીય સેના 2018ને ફરજ પર અક્ષમ થયેલા સૈનિકોના વર્ષ તરીકે ઉજવી રહી છે.

crackgpsc.com

- સરકાર 5 લાખ સર્વરની કેપિસિટી સાથે ભોપાલમાં દેશનું સૌથી મોટું અને 5મું ડેટા સેન્ટર સ્થાપશે.
- કર્ણાટકના KGS-1ના 220 મેગાવોટ યુનિટ-1એ 766 દિવસ સતત સંચાલનનો નવો રેકોર્ડ બનાવ્યો.
- ગાંધીનગરમાં વિશ્વનું પ્રથમ આંતરરાષ્ટ્રીય માનવતાવાદી ફોરેન્સિક સેન્ટર શરૂ. આ ભારત, ભૂતાન, નેપાળ, માલદીવમાં રેડ ક્રોસની આંતરરાષ્ટ્રીય સમિતિનું સંયુક્ત ઉદ્યમ છે.
- એ. આર. રહેમાન સિક્કિમ સરકારના રાજદૂત નિયુક્ત.
- જળ સંરક્ષણમાં રાજસ્થાન પ્રથમ ક્રમે.
- શિલોંગની દેશના 100મા સ્માર્ટ શહેર તરીકે પસંદગી.
- કોટા, રાજસ્થાનમાં CM વસુંધરા રાજે અને બાબા રામદેવની હાજરીમાં 2.5 લાખ લોકોએ એક સાથે યોગ કરી ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો.
- સતત ચોથા વર્ષે રાજ્ય કક્ષાના યોગ દિવસની ઉજવણી અમદાવાદમાં સરદાર પટેલ સ્ટેડિયમમાં.
- ન્ઝીલેન્ડનાં જેસીન્ડા ઓર્ડન હોદા પર રહી માતા બનનાર વિશ્વનાં બીજાં વડાપ્રધાન. પ્રથમ પાકિસ્તાનનાં વડાપ્રધાન બેનઝીર ભુટ્ટો.
- જમ્મુ કશ્મીર લિબરેશન ફ્રન્ટના પ્રમુખ યાસિન મલિકની અટકાયત. હુરિયત કોન્ફરન્સના અધ્યક્ષ મીરવાઈઝ ઉમર ફારૂક નજરકેદમાં.
- UN માનવાધિકાર પરિષદથી બહાર થયું અમેરિકા.
- ભારત દ્વારા અમેરિકન આયાત પર 240 મિલિયન ડોલરની જકાત.
- 100% વિદ્યુતીકરણ અને રિન્યુએબલ સ્ટ્રેટેજીસ સાથે ઇન્ડિયન રેલવે 2030 સુધીમાં નેટ જીરો કાર્બન એમીટર બનશે.
- ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સને 2017-18 માટે અટલ પેન્શન યોજના માટે શ્રેષ્ઠ પબ્લિક સેક્ટર બેંકનો એવોર્ડ.
- ભારત પબ્લિક હેલ્થ પર GPDના 1% ખર્ચ કરે છે.
- ભારત પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન શાંતિ માટે લડેલા સૈનિકોના બલિદાનના સન્માન માટે વિલ્સ ગિસ્સેન (ફ્રાન્સ)માં યુદ્ધ સ્મારક બનાવશે.
- રેલવે આવનાર 5 વર્ષોમાં 1 લાખ વધારાનાં વેગન્સ ખરીદશે.
- હરિયાણા સરકાર વૃક્ષ વાવવા માટે સ્કૂલનાં બાળકોને 50 રૂા. આપશે.
- માનવ સંસાધન વિકાસ મંત્રી પ્રકાશ જાવડેકરે ભારતના રાષ્ટ્રીય ડિજિટલ પુસ્તકાલયની શરૂઆત કરી.
- 23 જૂન: આંતરરાષ્ટ્રીય વિધવા દિવસ.

- KVIC (Khadi & Village Industries Commission)એ સ્વચ્છતા અભિયાન માટે દિલ્લીના જગતપુર ગામને દત્તક લીધું.
- જીનિવામાં WHO એ ICD-11 (International Classification of Diseases-11) રિલીઝ કર્યું. ICD વિશ્વમાં બિમારીઓના આંકડા અને જાણકારી માટે સ્ટાન્ડર્ડ ડીસિઝ કોડીંગ છે.
- તેલંગણા પોલીસે આંતરિક સંદેશ માટે વોટસએપ જેવી 'કોપ કનેક્ટ' એપ શરૂ કરી.
- હરિયાળી વધારવા પંજાબ સરકારે i-હરિયાલી એપ શરૂ કરી.
- 2017માં 7400 ભારતીયોએ USમાં શરણની માંગ કરી.
- સેશેલ્સના રાષ્ટ્રપતિ ડૈની ફોરે ભારતની 6 દિવસીય યાત્રાએ.
- મહિલા અને બાળ વિકાસ મંત્રાલયને 'સર્વશ્રેષ્ઠ પ્રદર્શનકર્તા સામાજિક ક્ષેત્ર મંત્રાલય'નો SKOCH પુરસ્કાર.
- એમ. કે. જૈને RBI ના ચોથા ડેપ્યુટી ગવર્નરનો હોદ્દો સંભાળ્યો.
- PM મોદીએ ન્યુયોર્કના કેટસકિલ્સ ક્ષેત્રમાં 'Y01 Nature Cure Center' નું ઉદ્દઘાટન કર્યું. Y01 નો સંસ્કૃતમાં અર્થ નવયુવા છે.
- સ્મૃતિ મંધાના ઈંગ્લેન્ડમાં કિયા સુપર લીગમાં રમવાવાળી પ્રથમ ભારતીય ખેલાડી બનશે.
- અરિજીત બસુ SBI ના નવા MD.
- લદાખના હનલેમાં ભારતનું પ્રથમ રોબોટ દુરબીન IAO (Indian Astronomical Observatory) લોન્ચ.
- EDMC (East Delhi Manicipal Corporation)ને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માટે SKOCH પુરસ્કાર.
- 7 ગઢવાલ રાઈફલ્સ ઇન્ફેન્ટ્રી બટાલિયનને દક્ષિણ સુદાનમાં શાંતિ નિયંત્રણ મિશનમાં નિ:સ્વાર્થ સેવા બદલ UN પદક.
- મેક્સિકોની ખાડીમાં ફ્લાવર ગાર્ડન બેંક્સ નેશનલ મરીન સેન્ચ્યુરીમાં વિશ્વની પ્રથમ મંતા રે નર્સરીની શોધ.
- ફિંગર પ્રિન્ટના ડિરેક્ટર્સનું 19મું અખિલ ભારતીય સંમેલન હૈદરાબાદમાં યોજાયું.
- ભારત-ક્યુબા વચ્ચે બાયોટેકનોલોજી, ટ્રેડીશનલ મેડિસીન, હોમિયોપેથી ક્ષેત્રે MOU.
- ભારતની 1 બિલિયન USDની લોનની મદદથી મલેશિયા દેશની પહેલી રિફાઇનરી વિકસિત કરશે.
- હરિયાણા રાજ્યમાં યોગ આયોગ સ્થાપવાની જાહેરાત.
- અમિત કુમાર સરોહાએ ટ્યુનીશિયામાં વર્લ્ડ પેરા એથ્લેટિકસમાં પુરુષોના ક્લબ થ્રો F51માં સુવર્ણ ચંદ્રક જીત્યો.

- સિનેમામાં ઇન્ડો-ફ્રાન્સિસી સબંધો વધારવામાં યોગદાન બદલ કલ્કિ કોચલીનને નાઈટ ઓફ ધ ઓર્ડર ઓફ આર્ટસ એન્ડ લેટર્સ ફ્રાન્સિસી સન્માન. આ સન્માન એવા એકટરને અપાય છે જેણે ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં પ્રમુખ ભૂમિકા નિભાવી હોય.
- મહારાષ્ટ્ર પ્લાસ્ટિક પર પૂર્ણ પ્રતિબંધ મુકનાર 18મું રાજ્ય બન્યું.
- ભારતીય તીરંદાજ દીપિકા કુમારીએ સોલ્ટ લેક વર્લ્ડ કપમાં ગોલ્ડ જીત્યો.
- મેટ્રો સિસ્ટમ્સના સ્ટાન્ડર્ડ નક્કી કરવા મેટ્રો મેન ઈ. શ્રીધરનની અધ્યક્ષતામાં પેનલ.
- બી. શ્રીરામ IDBI ના MD અને CEO નિયુક્ત.
- સુનીલ મિત્તલ ICC ના ઓનરરી ચેરમેન બન્યા.
- વસુંધરા રાજે (રાજસ્થાન)ને ઈ-ગવર્નન્સમાં ઉલ્લેખનીય કાર્ય બદલ ચીફ મિનિસ્ટર ઓફ ધ યર એવોર્ડ.
- નેધરલેન્ડમાં યોજાયેલી 10,000 મીટરની દોડમાં ડાંગ એક્સપ્રેસ મુરલી ગાવિત પ્રથમ.
- રેસેપ તૈયપ એર્દોગાન ફરી તુર્કીના રાષ્ટ્રપતિ બન્યા.
- **છત્તીસગઢના એડિશનલ ચીફ સેક્રેટરી** બી. વી. આર. સુબ્રમણ્યમની જમ્મુ-કાશ્મીરના મુખ્ય સચિવ તરીકે નિમણૂક.
- **ઉગ્રવાદ વિરોધી અભિયાન ચલાવવામાં માહિર અને કુખ્યાત ચંદન દાણચોર વિરપ્પનને ઠાર મારવાના ઓપરેશનમાં નેતૃત્વ કરનાર આઇપીએસ અધિકારી** વિજયકુમાર **જમ્મુ-કાશ્મીરના રાજ્યપાલના સલાહકાર તરીકે નિયુક્ત.**
- ત્રીજી AIIB (Asian Infrastructure Investment Bank)ની મિટિંગનું PM મોદી દ્વારા ઉદ્દઘાટન. AIIB નું હેડ ક્વાર્ટર બેઈજીંગમાં છે. આની શરૂઆત જાન્યુઆરી 2016થી શરૂ થઈ હતી.
- મેડમ તુસાદના સંગ્રહાલયમાં વૃક્ષાસન મુદ્રામાં બાબા રામદેવનું વેક્સ સ્ટેચ્યુ મુકાશે. સ્વામી વિવેકાનંદ બાદ વેક્સ મ્યુઝિયમમાં સ્ટેચ્યુ ધરાવનાર બીજા સંત.
- ગુજરાત સરકારે ખેડૂતો માટે સૌર ઊર્જા ઉત્પન્ન કરવા SKY (સૂર્યશક્તિ કિસાન યોજના) લોન્ચ કરી.

Useful For....
UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS, NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS, SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC, AAO, GCET, MBA & All Competitive Exams
www.crackgpsc.com

- **SKY (સૂર્યશક્તિ કિસાન યોજના) :**
  - આ પ્રકારની દેશની સૌપ્રથમ યોજના.
  - સોલાર પેનલો માટે ખેડૂતોએ સમિતિ બનાવવી પડશે.
  - સરકાર સોલાર પેનલનો વિમો લેશે.
  - ખેડૂત સોલાર પેનલની નીચે પાક વાવી શકશે.
  - 137 ફીડરનો પાયલોટ પ્રોજેક્ટ.
  - 1,12,000 હોર્સ પાવર ઉત્પાદનનું લક્ષ્ય.
  - સ્કાય ફીડર લગાવનાર ખેડૂતોને 24 કલાક વીજળી મળશે.
  - સ્કાય ફીડર પ્રોજેક્ટ 170 કરોડનો રહેશે.
  - પાંચ ટકા રકમ ખેડૂતે ભરવાની થશે, કેન્દ્ર-રાજ્ય સરકારની 60 ટકા સબસિડી, ખેડૂતોને 12 કલાક વીજળી મળશે.
  - ખેતી વિષયક વીજ વપરાશ બાદ વધતી સૌર ઊર્જા વીજળી સરકારને સોલાર પેનલ માટેના કુલ ખર્ચની માત્રામાં વેચી આર્થિક સમૃદ્ધિ મેળવશે.
  - ખેડૂતોએ 35 ટકા લોન કરાવવી પડશે.
  - રાજ્ય સરકાર ખેડૂત વતી 35 ટકા રકમની 7 વર્ષ માટે સસ્તા વ્યાજની લોન લેશે.
  - લોન ભરપાઈ થયા પછી સોલાર પેનલની માલિકી ખેડૂતની.
  - સોલર પેનલની જગ્યા નીચેની જમીન પર પાક લઇ શકાશે. પેનલની ઊંચાઈ પણ વધારી શકાશે.
  - રાજ્યના તમામ 33 જિલ્લાના 137 ફીડર 'સ્કાય' પાયલોટ પ્રોજેકટમાં સમાવિષ્ટ.
  - રાજ્ય સરકાર ૨૫ વર્ષ સુધી લાભાર્થી ખેડૂત પાસેથી વધારાની વીજળી ખરીદશે.
  - સાત વર્ષ માટે રૂ. 7 પ્રતિ યુનિટના ભાવે અને બાકીના 18 વર્ષ માટે રૂ. 3,50 પ્રતિ યુનિટના ભાવે સરકાર વીજળી ખરીદશે.
  - સ્કાય માટેનું ખેડૂતનું મૂડી રોકાણ વીજ વેચાણથી 8 થી 18 માસમાં જ તેને પરત મળી જશે.

- આર. પ્રગ્નાનંધા વિશ્વના બીજા સૌથી નાના ચેસ ગ્રાન્ડ માસ્ટર. તે ભારતનો સૌથી નાનો ચેસ ગ્રાન્ડ માસ્ટર છે. યુક્રેનના સેર્ગેઈ કાર્જાકિન વિશ્વના સૌથી નાના ગ્રાન્ડ માસ્ટર છે.
- **સ્વચ્છ ભારત સર્વે:**
  - સૌથી સ્વચ્છ રાજ્ય - ઝારખંડ
  - સૌથી સ્વચ્છ શહેર - ઈન્દોર
  - સૌથી ગંદુ રાજ્ય - ત્રિપુરા

crackgpsc.com

- o દેશનાં કુલ 25 સૌથી ગંદા શહેરોમાં 19 શહેરો પશ્ચિમ બંગાળનાં
- o સ્વચ્છતા બાબતે ગુજરાત રાજ્યોમાં 11મા ક્રમે. શહેરોમાં અમદાવાદ 12મા, રાજકોટ 35મા ક્રમે.
- o ભારતની સૌથી સ્વચ્છ રાજધાની - મુંબઈ.

- સેશલ્સે ભારતને અસમ્પશન આઈલેન્ડ પર નેવલ બેઝ બનાવવાની મંજૂરી આપી.
- સેશલ્સના રાષ્ટ્રપતિ ડૈની ફ્રોરેને ભારતે ભેટમાં આપ્યું એક ડોનિયર એરક્રાફ્ટ.
- 2018 ફીફા વર્લ્ડ કપમાંથી બહાર થનારી પ્રથમ યુરોપીય ટીમ બની પોલેન્ડ.
- રાજકોટ જંક્શન પ્લેટફોર્મ નં. 1થી ચાઇલ્ડ હેલ્પ ડેસ્કનો પ્રારંભ.
- આઇવે પ્રોજેક્ટ, BRTS સેવા માટે રાજકોટ મહાનગરપાલિકાને સ્કોચ ઓર્ડર ઓફ મેરીટ એવોર્ડ 2018 એનાયત. આઇવે પ્રોજેક્ટ હેઠળ પ્રથમ તબક્કામાં 475 સીસીટીવી કેમેરાનું ઈન્સ્ટોલેશન.
- IIT ગાંધીનગર અને ASI (આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા)ના સંશોધન અનુસાર ધોળાવીરામાં 5,000 વર્ષ પહેલાં ડેમ, નહેર, વાવ, કૂવાની સગવડ હતી. આ સંશોધન GPR (ગ્રાઉન્ડ પેનિટ્રેટીંગ રડાર) પદ્ધતિથી થયું જેમાં ખોદકામ કર્યા વિના ભૂગર્ભમાં શું છે તે જાણી શકાય છે.
- UIDAI દ્વારા 5 વર્ષથી ઓછી ઉમરના બાળકો માટે બાળ આધાર કાર્ડ વ્યવસ્થા. આ આધારનો રંગ વાદળી. કઢાવવા બાયોમેટ્રીકની જરૂર નહિ.
- હરિયાણામાં શાળામાં મોબાઇલ પર સંપૂર્ણ પ્રતિબંધ.
- 26 જૂનના છઠા પાસપોર્ટ સેવા દિવસ પર સુષ્મા સ્વરાજે પાસપોર્ટ સેવા એપ શરૂ કરી.
- 26 જૂન: ડ્રગ્સના દુરુપયોગ અને ગેરકાયદે વેપાર વિરુદ્ધ આંતરરારાષ્ટ્રીય દિવસ.
- સાબરમતી રિવરફ્રન્ટ પર શાહીબાગ પાસે ગાંધીજીનો 21 ફૂટ લાંબો 11 ફૂટ ઊચો, 6.5 ઈંચ પહોળો સ્ટીલનો ચરખો મૂકાયો.
- સરસાણા (સુરત) ખાતે વિશ્વના સૌથી મોટા 66 લાખ સ્ક્વેર ફૂટના 11 ટાવરવાળા ડાયમંડ બૂર્સનું બાંધકામ થશે.
- અલ્જિરિયાએ 14 મહિનામાં 13,000 શરણાર્થીઓને નિ:સહાય છોડ્યા.
- મિસરના રાષ્ટ્રપતિ અબ્દેલ ફતહ અલસીસીએ કટોકટીનો સમય 3 મહિના વધાર્યો.
- સામાજિક યોગદાન માટે સિંગાપુરના રાષ્ટ્રપતિ હલીમા યાકૂબે શીખોની પ્રશંસા કરી.
- WWF.India દ્વારા પ્રકૃતિ થીમવાળી પહેલી કોમિક બુક 'ધ ગ્રેટ ઈન્ડિયન નેચર ટ્રેલ વીથ અંકલ બિકકી' લોન્ચ. લેખક-વિક્રમ ગેવાલ.
- 20, 50 અને 60 ઓવરનો વિશ્વ કપ જીતનાર એકમાત્ર દેશ છે ભારત.
- ઓનલાઈન ગ્રાહકોની સંખ્યા 120 મિલિયનથી વધુ: એસોચેમ.

crackgpsc.com

- લદાખમાં 22મો સિંધુ દર્શન મહોત્સવ શરૂ, આને 1997માં પૂર્વ નાયબ વડાપ્રધાન એલ. કે. અડવાણીએ શરૂ કર્યો હતો.
- સોલેર બોનસ પુસ્તક માટે લેખક માઇક મેકકોરમૈકને ઈન્ટરનેશનલ ડબલીન લીટરરી પુરસ્કાર.
- CM વિજય રૂપાણી 6 દિવસના ઇઝરાઈલ પ્રવાસે. CM બન્યા બાદ તેમનો પ્રથમ વિદેશ પ્રવાસ.
- ભારતીય સ્વીમર સંદીપ સેજવાલે સિંગાપુર નેશનલ સ્વિમીંગ ચેમ્પિયનશીપમાં પુરુષોની 10 મીટર બેસ્ટ સ્ટ્રોકની સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો.
- દિલ્હીમાં 17,000 વૃક્ષો કાપવા ઉપર હાઇકોર્ટનો પ્રતિબંધ.
- હરિયાણામાં બધાં કાર્યાલયોમાં એલઈડી બલ્બ અનિવાર્ય.
- હરિયાણાના ગોદિકન ગામમાં 'શૌચાલય નહિ, દુલ્હન નહિ' પ્રસ્તાવ પસાર.
- મંદીપ જંગરાએ મંગોલિયામાં ઉલાનબટોર કપ 2018માં મુક્કેબાજીનો સુવર્ણ ચંદ્રક જીત્યો.
- અંધવિશ્વાસ સામે જાગૃતિ ફેલાવવા આસામમાં 'સંસ્કાર' નામનું અભિયાન શરૂ કરવામાં આવ્યું.
- 27 જૂન: સંયુકત રાષ્ટ્રે 27 જૂનને MSME દિવસ ઘોષિત કર્યો જે દેશની અર્થવ્યવસ્થામાં MSME નું મહત્વ બતાવે છે. MSME - Micro Small And Medium Enterprises.
- તારંગા (મહેસાણા)માંથી 2000 વર્ષ જૂનો બૌદ્ધ સ્તૂપ મળ્યો.
- સાઉદી અરબમાં સ્ત્રીઓને ડ્રાઈવીંગ પરનો પ્રતિબંધ દૂર કરાયો. વિશ્વમાં હતો આવો એકમાત્ર દેશ.
- મહિલાઓ માટે ભારત વિશ્વનો ખતરનાક દેશ: થોમસ રોયટર્સ સર્વે.
- કોસ્ટ ઓફ લિવિંગની બાબતે હોંગકોંગ સૌથી મોંઘું શહેર. ભારતમાં સૌથી મોંઘું મુંબઈ. વિશ્વમાં મુંબઇનો ક્રમ 55મો. કોલકાતા ભારતનું સૌથી સસ્તું શહેર.
- ચીન દ્વારા રશિયન પ્રમુખ વ્લાદીમીર પુતિનને સર્વોચ્ચ મૈત્રી પુરસ્કાર.
- **IIFA એવોર્ડ્સ 2018:**
    - આયોજન આ વર્ષે બેંગકોકમાં થયું.
    - શ્રેષ્ઠ અભિનેત્રી - શ્રીદેવી (મોમ)
    - શ્રેષ્ઠ અભિનેતા - ઇરફાન ખાન
    - શ્રેષ્ઠ ફિલ્મ - તુમ્હારી સુલૂ
    - શ્રેષ્ઠ ડિરેકટર - સાંકેત ચૌધરી
    - શ્રેષ્ઠ પ્લેબેક સિંગર (મેલ) - અરિજીતસિંહ
    - શ્રેષ્ઠ પ્લેબેક સિંગર (ફીમેલ) - મેઘના મિશ્રા
    - શશિ કપૂરને મરણોપરાંત સન્માન.
    - અનુપમ ખેરને આઉટસ્ટેન્ડીંગ એચિવમેન્ટ ઈન ઈન્ડિયન સિનેમા એવોર્ડ.

crackgpsc.com

- ECOSTRESS – ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પરનું એક ઉપકરણ છે જે પાણીના ઉપયોગને નિર્ધારિત કરવા અને દુષ્કાળની સ્થિતિમાં છોડના સ્વાસ્થ્યને કઈ રીતે અસર કરે છે તેનું અધ્યયન કરવા માટે સ્પેસથી છોડના તાપમાનને માપવાનું કાર્ય કરશે.
- ડૂડલ ફીચર દ્વારા ગૂગલે મશહૂર ગાયક અને ડાન્સર ગૌહર ખાનનો જન્મ દિવસ મનાવ્યો.
- ભારત–પાકની બોર્ડર પર તાર ફેન્સિંગ શક્ય નથી ત્યાં BSF દ્વારા લેસર વોલ બનાવાશે.
- ભારતમાં બાળશ્રમને સમાપ્ત કરવા બાળશ્રમ વિભાગ દ્વારા Pencil Portal ની શરૂઆત. PENCIL - Platform For Effective Enforcemert For No Child Labour.
- એસી ઉત્પાદકોએ હવે રાખવું પડશે 24 ડિગ્રી ડિફોલ્ટ સેટીંગ.
- ક્રોએશિયાના બોર્ના કોરિચે રોજર ફેડરરને હરાવીને હાલે ઓપન 2018નો ખિતાબ જીત્યો.
- એશિયન ઇન્ફ્રાસ્ટ્રકચર ઇન્વેસ્ટમેન્ટ બેંકની ત્રીજી વાર્ષિક બેઠક મુંબઈમાં યોજાઈ.
- ભારત-સેશલ્સ વચ્ચે નૌ સેના, સાયબર સુરક્ષા, સંસ્કૃતિ, વિકાસ પરિયોજનાઓ સહિત 6 સમજૂતી પર હસ્તાક્ષર.
- UN માટે US રાજદૂત નિકી હેલી ભારત યાત્રા પર.
- લોરેન્સ હદાદ અને નબારોએ વિશ્વ ખાદ્ય પુરસ્કાર જીત્યો. તેમણે વિકાસશીલ દેશોમાં સગર્ભા સ્ત્રીઓ અને બાળકો માટે પોષક ખોરાકની ઉપલબ્ધતા પર કામ કર્યું.
- અમદાવાદની મહિલા શૂટર એલાવેનિલ વેલારિવે જુનીયર શૂટીંગ વર્લ્ડ કપમાં સતત 2 ગોલ્ડ મેડલ જીત્યા.
- અસીલ અલ હમદ ફોર્મ્યુલા વન કાર ચલાવનારી સાઉદી અરબની પ્રથમ મહિલા બની.
- યુસુફ સલીમ પાકિસ્તાનમાં પ્રથમ અંધ ન્યાયાધીશ. લાહોર કોર્ટમાં જજ તરીકે નિમણૂક.
- ઓડીસાના કોરાપુટ જિલ્લાની પલ્લવી દારુઆ બની ભારતની પ્રથમ ટ્રાઈબલ ક્વિન. આદિરાણી કલિંગ ટ્રાઈબલ ક્વિન કોમ્પિટીશનમાં બની વિજેતા.
- કેન્દ્ર સરકારનો 3,000 વન ધન કેન્દ્ર સ્થાપવાનો પ્રસ્તાવ. વન ધન મિશન લાકડા સિવાયનાં વન ઉત્પાદનોનો ઉપયોગ કરીને જનજાતિઓ માટે આજીવિકાના સાધન ઉત્પન્ન કરવાની પહેલ છે.
- વિદેશમાં પિંક બોલથી બે ટેસ્ટ જીતનારી પ્રથમ ટીમ બની શ્રીલંકા.
- ઓઇલ ઈન્ડિયાએ કેજી બેસિનમાં હાઈડ્રોકાર્બનની શોધ કરી.
- લુઈસ હેમિલ્ટને ફ્રેન્ચ ગ્રાન્ડ પ્રિકસ 2018 ખિતાબ જીત્યો. (લુઈસ કાર્લ ડેવિડસન હેમિલ્ટન)
- 29 જૂન: નેશનલ સ્ટેટેસ્ટીક્સ ડે. પી. સી. મહાલનોબિસની 125મી જયંતી. ડૂડલે આંકડાશાસ્ત્રી અને વૈજ્ઞાનિક પ્રશાંત ચંદ્ર મહાલનોબિસની 125મો જન્મ દિવસ મનાવ્યો.
- જય હિંદ 1S - દુનિયાનો સૌથી હલકો ઉપગ્રહ, વજન 33.39 ગ્રામ, ચેન્નઈના 4 વિદ્યાર્થીઓ દ્વારા નિર્માણ.

crackgpsc.com

- એસ. રમેશ CBIC (Central Board Of Indirect Taxes And Customs)ના અધ્યક્ષ નિયુક્ત.
- ઇસરો ચંદ્રયાન 2 દ્વારા ચંદ્ર પર પરમાણુ ઇંધણની શોધ કરશે.
- વિશ્વનો સૌથી મોટો દ્વિવાર્ષિક બહુપક્ષીય નેવી અભ્યાસ RIMPAC (Rim Of The Pacific) હવાઈમાં થયો.
- પશુપાલન અને ડેરી ક્ષેત્રે ભારત-ડેનમાર્ક વચ્ચે MOUને મંત્રીમંડળની મંજૂરી.
- ભારતીય શૂટર સૌરભ ચૌધરીએ ISSF જુનીયર વિશ્વ કપમાં 243.7 અંક મેળવી સુવર્ણ ચંદ્રક જીતીને વિશ્વ રેકોર્ડ બનાવ્યો.
- સુરતની ગુંજન મિસ્ત્રીએ દિલ્હીમાં 50 મીટર રાઈફ્લ ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.
- દિલ્હી મેટ્રો નેટવર્ક વિશ્વનું 5મું સૌથી મોટું નેટવર્ક.
- બંદરના વિકાસ સંબંધી પ્રમુખ કાર્યક્રમ 'સાગરમાલા'ને 52મા સ્કોચ શિખર સંમેલનમાં ગોલ્ડ એવોર્ડ.
- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે સૌર ચરખા મિશન શરૂ કર્યું. મિશન હેઠળ પહેલા તબક્કામાં 50 ક્લસ્ટર સ્થાપિત કરવામાં આવશે અને સરકાર દ્વારા 550 કરોડ રૂપિયાની નાણાંકીય સહાય આપવામાં આવશે. દરેક ક્લસ્ટર 400થી 2000 કારીગરોને રોજગારી આપશે. તેનો મુખ્ય ઉદ્દેશ ગ્રામ્ય વિસ્તારોમાં રોજગારી ઉત્પન્ન કરવાનો છે. તેનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર દેશમાં પાંચ કરોડ મહિલાઓને જોડવાનો છે. આ મિશનથી પ્રથમ બે વર્ષમાં એક લાખ નોકરીઓ ઉદ્દભવવાની સંભાવના છે.
- 100 T20 મેચ રમનારી 7મી ટીમ બની ઈન્ડિયા.
- NIIF (Nationd Infoastructure And Investment Fand)એ મેગા પ્રોજેક્ટસ માટે 2 બિલિયન ડોલર લોંગ ટર્મ ફંડને મંજૂર કર્યું.
- કેનબરા (ઓસ્ટ્રેલિયા)માં 15મું ભારત-ઓસ્ટેલિયા JMC (Joint Ministerial Commission) યોજાયું.
- સ્વિસ બેંકોમાં ભારતીય ધન 50% વધ્યું.
- IDBI બેંકના ચીફ એક્ઝિક્યુટીવ તરીકે નિમણૂક થતાં SBI ના MD બી. શ્રીરામે રાજીનામું આપ્યું.
- એસ્સમ અલ હેદરી ફિફા વિશ્વ કપ રમનાર સૌથી મોટી ઉંમરના ખેલાડી બન્યા.
- અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે ફિનલેન્ડના હેલસિન્કીમાં પ્રથમ શિખર સંમેલન યોજાશે.
- ભારતની બાયોટેક ક્વિન કિરણ મજૂમદાર શો MIT (મેસાચુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી)ના ટ્રસ્ટી બોર્ડનાં કુલ ટર્મ મેમ્બર તરીકે ચૂંટાયાં.
- વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે નવી દિલ્હીમાં ઉઝબેકિસ્તાનના નાયબ વડાપ્રધાન સુહરોબ રુસ્તમોવિચ ખોલ્મુરાદોવ સાથે મુલાકાત કરી.

- વિદેશથી ઘરે પૈસા મોકલવા બાબતે ભારતીયો વિશ્વમાં ટોચે: વર્લ્ડ બેંક. ચીન બીજા નંબરે.
- ગિરીશચંદ્ર ચતુર્વેદી ICICI બેંકના નોન એક્ઝિક્યૂટિવ પાર્ટટાઇમ ચેરમેન નિયુક્ત.
- વડાપ્રધાનના સુરક્ષિત માતૃત્વ અભિયાન અંતર્ગત MMR (માતૃ મૃત્યુ દર) ઓછો કરવા બદલ મધ્યપ્રદેશનું સન્માન કરાશે.
- સંસ્કૃત વિદ્યાર્થીઓ માટે આયુર્વેદિક ઔષધિ એક વિષય તરીકે શરૂ કરવામાં આવશે.
- બાલીમાં માઉન્ટ અગુંગ જ્વાળામુખીમાં વિસ્ફોટ.
- ભારતીય મૂળનાં વકીલ દીદારસિંહ ગિલ સિંગાપુરની સુપ્રીમ કોર્ટનાં ન્યાયિક કમિશનર બન્યાં.
- એપિડોલેક્સ મારીજુઆનામાંથી બનેલી વિશ્વની પ્રથમ દવા.
- ઉત્તર કોરિયા માનવ તસ્કરીમાં સૌથી ખરાબ દેશ.
- ક્લાઇમેટ ચેન્જના કારણે ભારતની GDP ને થશે 2.8%ની હાનિ: વર્લ્ડ બેંક.
- હૈદરાબાદમાં પ્રથમ સરકારી બ્લોકચેઇન સેન્ટર સ્થપાશે.
- ગાંધીનગરમાં દિવ્યાંગ ખેલો ઈન્ડિયા યોજાશે.
- દેશના 115 મહત્વાકાંક્ષી જિલ્લામાં દાહોદ પ્રથમ ક્રમે. નીતિ આયોગે સર્વાંગી પરિવર્તન માટે મહત્વાકાંક્ષી જિલ્લા તરીકે દેશના 115 જિલ્લાનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો. ગુજરાતના બે જિલ્લા દાહોદ અને નર્મદા હતા. નર્મદાનો 13મો ક્રમાંક.
- ભારતીય રેલવે સ્ટેશન વિકાસ નિગમ લિમિટેડ દ્વારા દેશભરના 600 પ્રમુખ રેલવે સ્ટેશનોના પુનર્વિકાસ માટે સૃજન પહેલની શરૂઆત. Station Rejuvenation Intiative Through Joint Action - SRIJAN.
- સિંહને રંજાડવા, રેકોર્ડીંગ કરવા જેવી પ્રવૃતિઓમાં શિકારનો ગુનો દાખલ કરવામાં આવશે. આરોપીને થઈ શકે 7 વર્ષની સજા.
- અમરેલીના ચિખલકૂબા ખાતે સાસણની જેમ નવો ટુરીઝમ ઝોન વિકસાવાશે.
- યુજીસીને ખતમ કરી એચઇસીઆઇ (હાયર એજ્યુકેશન કમિશન ઓફ ઈન્ડિયા)ની રચના કરાશે.




crackgpsc.com

## હાયર એજ્યુકેશન કમિશન ઓફ ઈન્ડિયા

અગાઉ 2014માં સત્તામાં આવેલી મોદી સરકારે નીતિ ઘડવા માટે આયોજનપંચને વિખેરી નાખી નીતિ આયોગની સ્થાપના કરી હતી. ચાર વર્ષ બાદ મોદી સરકારે શિક્ષણ સંસ્થાઓ પર નિયંત્રણ માટે નવા પંચની રચનાની જાહેરાત કરી છે. સરકાર પોતાના પગલાંને ઇન્સ્પેક્શન રાજના અંત તરીકે ગણાવી રહી છે. મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે, નવા કમિશનને ગ્રાન્ટ આપવાની કોઈ સત્તા નહીં હોય. નવું કમિશન ફક્ત શૈક્ષણિક બાબતો પર જ ધ્યાન કેન્દ્રિત કરશે. જ્યારે શિક્ષણ સંસ્થાઓને અપાતી ગ્રાન્ટ અંગેના તમામ નિર્ણય માનવ સંસાધન મંત્રાલય દ્વારા લેવામાં આવશે. માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા આ માટે એક ડ્રાફ્ટ તૈયાર કરાયો છે. ડ્રાફ્ટ અનુસાર ભારતનું નવું હાયર એજ્યુકેશન કમિશન(ઉચ્ચ શિક્ષણ આયોગ) સંપૂર્ણ રીતે શૈક્ષણિક મામલાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે. જ્યારે યુનિવર્સિટીઓને અપાતી આર્થિક સહાયની બાબત હવે નાણાં મંત્રાલય હસ્તક રહેશે. કેન્દ્ર સરકાર આ સંદર્ભેના બિલને ચોમાસુ સત્ર દરમિયાન સંસદમાં રજૂ કરશે.

યુજીસીના અસ્તિત્વને રદ કરવા માટે કેન્દ્ર સરકારે જે ડ્રાફ્ટ બનાવ્યો છે, એ હાયર એજ્યુકેશન કમિશન ઓફ ઈન્ડિયા એક્ટ-૨૦૧૮ના નામથી ઓળખાશે. માનવ સંસાધન વિકાસ મંત્રાલયના કેબિનેટ મંત્રી પ્રકાશ જાવડેકરે દેશના તમામ શિક્ષણશાસ્ત્રીઓ, હિતેચ્છુઓ અને લોકોને વિનંતી કરી છે કે, ઉપરોક્ત ડ્રાફ્ટ અંગે મંત્રાલયની વેબસાઈટ પર ટિપ્પણી અને સૂચન કરી શકો છો. સૂચન મોકલવાની છેલ્લી તારીખ 7 જુલાઈ, 2018 નિર્ધારીત કરાઈ છે.

નવા ડ્રાફ્ટ અનુસાર કમિશન પ્રત્યેક વર્ષે યુનિવર્સિટીઓના પરફોર્મન્સની તપાસ કરી શકશે યુજીસીમાં કોર્સ માટે કમિટી હવે કમિશન અંતર્ગત આવી જશે. જે યુનિવર્સિટીની ગુણવત્તા કથળશે, એમાં એડમીશન બંધ કરી શકાશે હાયર એજ્યુકેશન કમિશનમાં 10 મેમ્બર હશે. જેમાં શિક્ષણ જગતની નામી હસ્તી ચેરમેન હશે. બે વાઈસ ચેરમેન અને ત્રણ સભ્ય કે જે આઈઆઈટી, આઈઆઈએમ, આઈઆઈએસસીમાં પાંચ વર્ષ સુધી નિર્દેશક રહ્યાં હોય અને ત્રણ એવા સભ્ય કે જે દેશની યુનિવર્સિટીમાં કુલપતિ રહ્યાં હોય.

આ ડ્રાફ્ટ અંતર્ગત પહેલીવાર ડાયરેક્ટરને પાસે શૈક્ષણિક ગુણવત્તા માપદંડો લાગુ કરવાની સત્તા મળશે. એમાં બોગસ યુનિવર્સિટી બંધ કરવાનો આદેશ પણ સીધો ડાયરેક્ટર આપી શકશે. આ ડ્રાફ્ટમાં એવી જોગવાઈ પણ છે કે નવા નિયમોનું પાલન નહીં કરનારને દંડ તેમજ જેલની સજા થઈ શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્તમાનમાં યુજીસી પોતાની વેબસાઈટ પર બોગસ સંસ્થાની યાદી મૂકે છે, પણ કોઈ કાર્યવાહી કરવાની સત્તા નથી.

એચઈસીઆઈ એક્ટ, 2018નું સૌથી મહત્વનું કામ રહેશે, શૈક્ષણિક દરજ્જો ઊંચો લાવવાનું, એ ગ્રાન્ટ આપવા જેવા વહીવટી પાસા પર ધ્યાન નહીં આપે. એ એક 'આર્કિટેક્સ એક્ટ' તરીકે કામ

કરશે. એ શૈક્ષણિક પરિણામો, સંસ્થાઓના શૈક્ષણિક કાર્યો, શિક્ષકોની તાલિમ, ટેકનોલોજીનો ઉપયોગ કરાવવા, જોવા, મૂલ્યાંકન કરવાની ફરજ બજાવશે. દર છ મહિને એ કાયદા હેઠળ એચઆરડી પ્રધાન, હાયર એજ્યુકેશન સેક્રેટરી અને સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સિલના વડાઓ અને નિષ્ણાતો સાથેની એડવાઈઝરી કાઉન્સિલ વિવિધ બાબતો અંગે ચર્ચા વિચારણા પણ કરશે. ઘણી બધી સલાહકાર સમિતિઓ લાંબા સમયથી યુજીસી અને તેના નિયંત્રણ ધારાઓની ટીકા કરીને તેમાં સુધારા કરવાની ભલામણ કરી રહી હતી. જોકે એવી પણ યોજના તૈયાર કરવામાં આવી હતી કે શિક્ષણ અને શિક્ષણસંસ્થાઓ માટે 'સિંગલ રેગ્યુલેટર'ની રચના કરવી, પરંતુ મસૂરી ખાતે મે મહિનામાં એચ. આર. ડી. મિનિસ્ટરની અધ્યક્ષતા હેઠળની બેઠકમાં એ પડતી મૂકવામાં આવી હતી. એચઈઆરસી પાસે બે કામ રહેશે. ભંડોળની વહેંચણી અને સંસ્થાઓને માન્યતા આપવી. ભંડોળની વહેંચણી માટે તેની પાસે 'ફાયનાન્સ બોર્ડ' હશે અને માન્યતા આપવા સંદર્ભે 'એક્રેડીટેશન બોર્ડ' હશે. આ બન્ને બોર્ડસને તેમની કામગીરી કરવા માટે સંપૂર્ણ સ્વાયત્તતા આપવામાં આવશે. બોર્ડસના અધ્યક્ષ કમિશનમાં 'એક્સ-ઓફિશીયો' સભ્ય ગણાશે. એચઈઆરસીએ ઘડી કાઢેલી માર્ગદર્શક રેખાઓ મુજબ નવી માન્યતા પ્રાપ્ત સંસ્થાઓએ પારદર્શકતા બતાવવી જરૂરી બની રહેશે. તેમાં વિદેશી શિક્ષણ સંસ્થાઓનો પણ એ જ રીતે સમાવેશ કરાશે. કદાચ એ સંસ્થાઓને પહેલી કેટેગરીમાં સમાવી લઈને તેમની પાસેથી સંશોધનનો લાભ પણ લેવાય. વળી, શૈક્ષણિક ફી અને શિક્ષકોના પગાર અંગેની નીતિ પણ કમિશન નક્કી કરશે.

યુજીસી 1956 પછી, દેશમાં યુનિવર્સિટીઓની 40 ગણો વધારો થયો છે, વિદ્યાર્થીઓના એનરોલમેન્ટમાં 100 ગણો વધારો થયો છે, પણ શિક્ષણની ગુણવત્તા ધોરણે ભારત 50 દેશોમાં 24મા સ્થાને આવે એ દુ:ખદ વાત છે. આ નવા કાયદાથી અને કમિશનથી એ સ્તર ઊંચું લાવવાની નેમ છે.

### કેવું હશે હાયર એજ્યુકેશન કમિશન ઓફ ઈન્ડિયા?

હાયર એજ્યુકેશન કમિશન ઓફ ઈન્ડિયામાં અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ સહિત ૧૪ સભ્યોની નિયુક્તિ કેન્દ્ર સરકાર દ્વારા કરાશે. કમિશનમાં માનવ સંસાધન, સ્કિલ ડેવલપમેન્ટ, વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલયના સચિવો, એઆઇસીટીઇ અને એનસીટીઇના અધ્યક્ષ, બે વાઇસ ચાન્સેલર સહિતના સભ્યોની નિયુક્તિ કરાશે.

### શું હતી યુજીસીની મર્યાદાઓ?

- ✓ યુજીસી શૈક્ષણિક ગુણવત્તાના ધોરણો લાગુ કરવાનો આદેશ આપી શકતું નહોતું
- ✓ બોગસ સંસ્થાઓના નામ જાહેર કરી શક્તી હતી પરંતુ પગલાં લઈ શક્તી નહોતી
- ✓ યુજીસી સંસ્થાઓને ભંડોળની વહેંચણીના કાર્યમાંથી જ ઊંચું આવતું નહોતું
- ✓ શિક્ષણની ગુણવત્તા સુધારવા અને રિસર્ચ પર ધ્યાન કેન્દ્રિત કરી શક્તું નહોતું

crackgpsc.com

- ✓ **AICTE અને NCTEનો નવા કાયદાના દાયરામાં નહીં આવે**
- ✓ ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેક્નિકલ એજ્યુકેશન (એઆઇસીટીઇ) અને નેશનલ કાઉન્સિલ ફોર ટીચર્સ એજ્યુકેશન (એનસીટીઇ)નો નવા એચઇસીઆઇ એક્ટમાં સમાવેશ કરાયો નથી. અત્યારે આ બંને સંસ્થાના નિયંત્રણ માટેના અલગ કાયદા એઆઇસીટીઇ એક્ટ અને એનસીટીઇ એક્ટ અમલમાં છે.

**હાયર એજ્યુકેશન કમિશન ઓફ ઈન્ડિયાને અપાનારી સત્તાઓ**

- ✓ શૈક્ષણિક ગુણવતાના ધોરણો લાગુ કરવાની સત્તા
- ✓ બોગસ અને ઓછી ગુણવત્તા ધરાવતી સંસ્થાઓ બંધ કરવાની સત્તા
- ✓ કમિશનના આદેશનું પાલન નહીં કરનારને ૩ વર્ષ સુધી જેલની સજા અને દંડની જોગવાઈ
- ✓ કમિશનને અભ્યાસક્રમો, શિક્ષણ આપવાના ધોરણો, રિસર્ચની સમીક્ષાની સત્તા
- ✓ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની શૈક્ષણિક કામગીરીની સમીક્ષાની સત્તા
- ✓ કમિશન દ્વારા ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે શિક્ષણના લઘુતમ ધોરણો નક્કી કરાશે
- ✓ કમિશન વધુ સ્વાયત્તતા સાથે સંસ્થા ખોલવા કે બંધ કરવા માટેના નિયમો ઘડશે
- ✓ મહત્ત્વના હોદ્દાઓ પર નિયુક્તિ માટે ધોરણો નક્કી કરવાની સત્તા
- ✓ કામગીરીના આધારે ભથ્થાં આપવા નિયમો ઘડશે
- ✓ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં એડમિશન અને ફી માટેના નિયમો ઘડવાની સત્તા

**અમારી YouTube ચેનલ 'Crack GPSC' પર જોડાઓ,**

**SUBSCRIBE કરો અને કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરો.**

https://youtu.be/l4qSHaS0fqc




crackgpsc.com